**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૭ ટકા

# ચૈત્ર મહિનામાં બે દિવસ અમાવસ્યા રહેશે

## તારીખ ૧૯ અને ૨૦ એમ બે દિવસ અમાવસ્યા : આ તિથિએ પિતૃઓની વિશેષ પૂજાનું મહત્વ છે

ગાંધીનગર, તા. ૧૭

આ વર્ષે ચૈત્ર મહિનાની અમાસ બે દિવસ રહેશે. એટલે કે તારીખ ૧૯ અને ૨૦ એમ બે દિવસ અમાસ રહેશે. અમાસને ધાર્મિક ગ્રંથોમાં પવિત્ર તહેવાર કહેવામાં આવેલ છે. દર મહિનાની અમાસના દિવસે કેટલાક ઉપવાસ અથવા તહેવાર ઉજવવામાં આવે છે.

આ તિથિ પર પિતૃઓની વિશેષ પૂજા કરવામાં આવતી હોય છે. એટલા માટે આ દિવસે પૂર્વજોની વિશેષ પૂજા કરવાથી સુખ-સમૃદ્ધિ વધે છે. જ્યોતિષની દૃષ્ટિએ આ દિવસે સૂર્ય અને ચંદ્ર એક જ રાશિમાં આવે છે. આ બે ગ્રહો વચ્ચેનો તફાવત ઝીરો ડિગ્રી થઈ જાય છે. તારીખ ૧૯ના રોજ અમાવસ્યા તિથિ સવારે લગભગ ૧૧.૩૦ વાગ્યાથી શરૂ થશે અને આખી રાત ચાલશે. એટલા માટે આ દિવસે વ્રત અને પીપળ પૂજાની સાથે પિતૃઓનું શ્રાધ્ધ પણ કરવામાં આવશે. આ સાથે અમાવસ્યા તિથિ પર કરવામાં આવતી દરેક પ્રકારની પૂજા આ દિવસે કરી શકાય છે. તા. ૨૦ એપ્રિલ ગુરૂવારનો સૂર્યોદય અમાવસ્યા તિથિ પર થશે. આ દિવસે પવિત્ર નદીમાં સ્નાન કરવુ જોઈએ. આ સાથે આ દિવસે કરવામાં આવેલ દાનથી અનેક ગણુ પુણ્ય મળે છે.

સોમવાર કે ગુરૂવારે આવતી અમાવસ્યા શુભ માનવામાં આવે છે. આ તિથિએ ભગવાન શિવ અને દેવી પાર્વતીની વિશેષ પૂજા કરવાથી મનોકામનાઓ પૂર્ણ થાય છે. જ્યોતિષ શાસ્ત્રમાં અમાવસ્યાને શનિદેવની જન્મ તિથિ માનવામાં આવે છે. મહત્વની ખરીદ-વેચાણ અને તમામ પ્રકારના શુભ કાર્યો અમાવસ્યા પર કરવામાં આવતા નથી. આ તિથિ પર પૂજા પાઠનું વિશેષ મહત્વ છે. રવિવારે અમાવસ્યા હોવી એ અશુભ માનવામાં આવે છે.



# ગાંધીનગરના ખેલાડીઓ નોન સ્ટોપ સ્કેટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યા



ગાંધીનગર, તા.૧૭

યુનિવર્સલ એક્સપ્લોર ગ્રુપ ગાંધીનગર સ્કેટિંગના ખેલાડીઓ એ તાજેતરમાં અમદાવાદ, ગોતા ખાતે યોજાયેલ ૨ કલાક નોન સ્ટોપ સ્કેટિંગ પૂર્ણ કરી ૬ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે. જેમાં ઈશાન્ત અગોન્ડે, ઓમ બેંકર, ઈશ બેંકર, ધન્ય પંચાલ, યાસીન શેખ, હર્ષ વાલેરા વિજેતા થયા હતા. ટીમ નું નેતૃત્વ ટીમ ઈન્ચાર્જ દીપિકા મકવાણા દ્વારા સંભાળવામાં આવ્યું હતું તથા કોચ જતીન દવે એ સર્વે ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી.

# સમદર્શન આશ્રમમાં પંડિત આનંદ વૈદ્યના ભક્તિગીતોના કાર્યક્રમ ‘સુમિરન’માં ભક્તજનો રસતરબોળ

ગાંધીનગર, તા.૧૭

સમદર્શન આશ્રમમાં પ. પૂ.ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સાંન્નિધ્યમાં રાજસ્થાનના સુપ્રસિદ્ધ ગાયક પંડિત આનંદ વૈદ્યના ભક્તિ ગીતોના કાર્યક્રમ 'સુમિરન' નું ભવ્ય આયોજન કરાયું હતું. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનો ભક્તિગીત-સંગીતમાં રસ તરબોળ થયા હતા. ગાંધીનગરમાં પ. પૂ. ગુરુમાના સત્સંગના ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. આ નિમિત્તે વર્ષ દરમિયાન ઉજવાઈ રહેલા 'કૃપાપર્વ' અંતર્ગત કિરાના ઘરાનાના ગાયક પંડિત આનંદ વૈદ્યના ભક્તિગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. પંડિત અજય પોહનકરના શિષ્ય અને આકાશવાણી, નવી દિલ્હીના કલાકાર પંડિત આનંદ વૈદ્યએ રાગ સારંગ પર આધારિત રચના 'માઈ મેરો હરિનાથ સો નેહ..' થી કાર્યક્રમની શરૂઆત કરી હતી. 'મન લાગે બ્રિન્દાબન હીં કો..' અને રાગ માલકૌન્સ પર આધારિત મરાઠી અભંગ 'કાનડા રાજા પંઢરી ચા..' એ સંગીત રસિકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. રાગ બિહાગ પર આધારિત સૂરદાસનું પદ 'અબ મોરી રાખો લાજ મુરારી..' ઉપરાંત 'યમુના કિનારે મેરો ગામ સાંવરે..' તથા રાગ ભૈરવીમાં 'ઈતના તો કરના સ્વામી..' અને છેલ્લે 'દેવ વિઠ્ઠલ, દેવપૂજા વિઠ્ઠલ..' રચનાને ભક્તજનોએ ભરપૂર માણી હતી.

પંડિત આનંદ વૈદ્ય સાથે તેમના જોડિયા સંતાનો; તન્વી વૈદ્ય અને તન્મય વૈદ્યએ પણ ભક્તિગીતોની પ્રસ્તુતિ કરી હતી. તન્વી વૈદ્યએ ' પિયાજી.. હે



પિયાજી..', 'તુમબીન મોરી કોન ખબર લે..' અને 'ગગન સદન તેજોમય..' ' જેવી શાસ્ત્રીય રચનાઓ પ્રસ્તુત કરી હતી. જ્યારે તન્મય વૈદ્યએ 'જય દુર્ગે દુર્ગતિ પરિહારીની'- દુર્ગાસ્તુતિ પ્રસ્તુત કરી હતી. હાર્મોનિયમ પર શાસ્ત્રીય સંગીત મહાવિદ્યાલય, મંન્દસોરના અતુલ સાંકેત અને તબલા પર મધ્યપ્રદેશના જાણીતા તબલાવાદક નિશાંત શર્માએ સંગત કરી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ 'સુમિરન'- ભક્તિસંધ્યાનો ભાવપૂર્વક લાભ લીધો હતો.

# રાજ્ય યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક યોગ વર્ગ



ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સંચાલિત ઠેર ઠેર ચાલતા યોગ વર્ગમાં યોગ કોચ આશા મેહતા દ્વારા નિઃશુલ્ક, નિયમિત સેક્ટર ૪ ગાર્ડન ખાતે યોગ વર્ગ ચલાવવામાં આવે છે. જેમાં છેલ્લા ૮ માસથી નિયમિત, નિષ્ઠાપૂર્વક, ખુબજ શાંત યુવાનોને પણ શરમાવે એવા ૮૫ વર્ષની ઉંમર ધરાવતા શૌમિબેન પ્રજાપતિ, સૌના લાડીલા, બા, સાવ પાતળું શરીર ધરાવતા કોઈ પણ રોગ વગર, કોઈ પણ ફરિયાદ વગર હંમેશા હસતા રહેતા આ બા જાતે ઘરે પણ પોતાનું કામ કરે અને યોગ માં પણ સારા આસનો કરી સૌ યોગી બહેનોને પ્રેરણા પુરી પાડે છે.

# ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારોએ નવ નિયુક્ત કમિશ્નરની શુભેચ્છા મુલાકાત લીધી



ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારો મહાનગર પાલિકાના તાજેતરમાં નવા નિમાયેલા કમિશનર જે.એન. વાઘેલાની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી. તેઓને શુભેચ્છા અભિનંદન પાઠવી શહેરના વિકાસ ઉત્તરોતર પ્રગતિ અને જનહિતાર્થે લેવામાં આવનાર નિર્ણયોમાં સંસ્થા દ્વારા પુરેપુરો સહયોગ અને સહકાર આપવામાં આવશે તથા શહેરની પ્રાથમિક સમસ્યાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. સદરહુ શુભેચ્છા મુલાકાતમા હોદેદારો કેશરીસિહ બિહોલા, રાજેન્દ્રભાઈ પારેખ, ઘનશ્યામ સિંહ ગોલ, પી. બી. શ્રીમાળી, પોપટલાલ પ્રજાપતિ, જગદીશભાઈ પટેલ, જશવંતસિંહ રાઠોડ, મુળસિહ ચાવડા વગેરે હાજર રહી નવા કમિશનર જે.એન.વાઘેલાને શુભેચ્છા અભિનંદન પાઠવ્યા હતા. ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણાની પણ મુલાકાત કરવામાં આવી હતી અને શહેરની સમસ્યાઓના ઉકેલ લાવવા માટે વહીવટીતંત્ર ને સક્રિય કરવા તથા જરૂરી સુચનાઓ આપવા માટે જણાવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ચૌહાણ મહોતાજી જીવણજી ઉ.વ.૪૮, બાપુપુરા
- સ્વ.ઠાકોર બાબુજી પ્રતાપજી ઉ.વ.૫૭, ટીંટોડા

**દેહદાન શ્રેષ્ઠદાન**

# સે-૬ સરસ્વતી વિદ્યાલય ખાતે સમર કેમ્પનું આયોજન



ગાંધીનગર, તા. ૧૭

સે. ૬ માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં પ્લે ગ્રુપ/કે.જી.ના બાળકોના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. જેમાં બાળકોને ભણતરની સાથે સાથે શારિરીક અને માનસિક વિકાસ થાય તે બાબતને ધ્યાનમાં લઈને દરરોજ અલગ અલગ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. જેમાં ચિત્રકલા, ગ્લાસ બેલેન્સ, થ્રો બોલ ગેમ્સ, ડાન્સ, સંગીત ખુરશી, પેપર ડ્રાફ્ટ, થમ્બ પેન્ટિંગ વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવી હતી. જેમાં કે.જી. વિભાગના શિક્ષિકા બહેનો પ્રિતીબેન પટેલ અને હિનાબેન શાહ દ્વારા બાળકોને ઉત્કૃષ્ટ માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. સમર કેમ્પ દરમ્યાન આચાર્ય હિતેન્દ્રસિંહ પરમાર દ્વારા નાસ્તો અને ચોકલેટનું વિતરણ કરાયુ હતું અને તેમના આનંદ ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ સમર કેમ્પમાં બાળકોએ જ્ઞાન સાથે ગમ્મત કરીને ખૂબ જ મજા માણી હતી.

## જન્મદિને વધામણી




હસમુખ મેકવાન
નાટ્યકાર
મો. ૯૪૨૬૫ ૭૮૩૨૬



કે કે ચૌહાણ
મો. ૯૯૭૪૬ ૮૯૧૮૪



મહેન્દ્રભાઈ કે ચૌહાણ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



હેત ભડાસીયા



મૌલિકકુમાર કાળાજી લટા



પટેલ સેલવી નયનકુમાર
મો. ૯૭૨૫૪ ૦૭૦૧૩



ફોરમ દેવાંગ ટાક

# શહેરમાં સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા વડીલ વંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા ‘વડીલ વંદના’ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જે સંવેદનાથી સભર બની રહ્યો હતો. આયોજક અને ભાવક એમ ઊભય પક્ષે સંવેદનાની નદીઓ આ કાર્યક્રમ અંતર્ગત વહેતી જોવા મળી હતી. સી. એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના ઓડિટોરિયમ ખાતે જિલ્લાના વિવિધ વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલોને નોતરીને એમના માટે દિવસભર મનોરંજનનો રસથાળ પિરસવામાં આવ્યો હતો. વડીલોને તિલક કરીને હોલમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ એન.એસ.એસ.ના પ્રા. અંજલિ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. જીવનની બીજી ઈનિંગ જોશપૂર્વક રમવા અને સ્વાસ્થ્યને સારું રાખવા અંગેની બાબતો તેમણે પોતાના વકતવ્યમાં વણી લીધી હતી. ઉદઘાટન કાર્યક્રમમાં સંબોધન કરતાં રોટરી ક્લબના અગ્રણી અને રાજ્ય સરકારના નિવૃત્ત ઉચ્ચ અધિકારી જશવંત ગાંધીએ ગમતી પ્રવૃત્તિઓ દ્વારા જીવનને આનંદમય બનાવવાની શીખ વડીલોને આપી હતી.



સર્વ નેતૃત્વ ગૃપના સંચાલક અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના અધ્યાપક ડો. ધર્મેન્દ્ર પટેલે સંસ્થા વતી વડીલોને આવકાર્યા હતા અને ગૃપની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી રજૂ કરી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે સર્વ વિદ્યાલય એ સમાજની પોતાની સંસ્થા છે અને સમાજહિતના કાર્યક્રમો માટે હંમેશા તત્પર છે. વડીલ વંદના જેવા ઉપયોગી કાર્યક્રમ પ્રતિ માહ યોજવાની તૈયારી તેમણે દર્શાવી હતી અને સહુ વડીલોને આ માટે સંસ્થામાં પધારવા તથા સૂચનો આપવા માટે આહ્વાન કર્યું હતું. આમંત્રિત વડીલો માટે મનોર્જંનના દોરનો પ્રારંભ ગાંધીનગરના જાણીતા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ કર્યો હતો. પોતાની તળપદી ભાષામાં હળવા કિસ્સાઓ રજૂ કરી તેમણે હોલને હાસ્યથી ભરી દીધો હતો. ત્યારબાદ અંધ શાળા, સેકટર-





૧૬ના વિદ્યાર્થીઓ દ્વારા ભજન અને ગીતોની મહેફિલ જમાવવામાં આવી હતી, જેણે વડીલોને તાનમાં લાવી દીધા હતા. કુંતલ નિમાવત દ્વારા લિખિત-દિગ્દર્શિત નાટક ‘જીવનસંધ્યાનો આનંદ’ની પ્રસ્તુતિ કાર્યક્રમ માટે પરાકાષ્ટારૂપ સાબિત થઈ હતી. નવાજૂના કલાકારોએ ભેગા થઈને પ્રેક્ષકોને ખોબલે ખોબલે રડાવ્યા પણ હતા અને પેટ પકડીને હસાવ્યા પણ હતા. કાર્યક્રમના અંત ભાગમાં સર્વ નેતૃત્વ ગૃપના સહુ યુવાઓ દ્વારા વડીલોની આરતી ઉતારીને તેમની વંદના કરવામાં આવી હતી. આ ઉપક્રમ પણ બંને પક્ષો માટે સંવેદનાથી સભર બની રહ્યો હતો. કાર્યક્રમના અંતે સર્વ વિદ્યાલય પરિવાર વતી ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા પ્રા. રાહુલ સુખડિયા, પ્રા. સુરજ મુંજાણીના સહયોગથી કરવામાં આવ્યું હતું જેમાં સર્વ નેતૃત્વના પૂર્વતાલીમાર્થીઓએ દિવસભર નોંધપાત્ર સેવા પૂરી પાડી હતી.